DATE :- 08-05-2026

DIVYA BHASKAR, PAGE-05, SURAT

# રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે મેટ્રો સ્ટેશને લાઇનમાં ઊભા રહી ટિકિટ ખરીદી, મેટ્રોમાં સામાન્ય મુસાફરો સાથે ચર્ચા પણ કરી





રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ગુરુવારે અમદાવાદ-ગાંધીનગર મેટ્રો રેલમાં મુસાફરી કરી હતી. આ પહેલા તેઓ સામાન્ય મુસાફરની પેઠે ટિકિટ મેળવવા માટેની કતારમાં ઊભા રહ્યા. તેમનો ક્રમ આવ્યો ત્યારે ટિકિટ ખરીદી અને પછી મેટ્રો રેલમાં મુસાફરી કરી તે દરમિયાન અન્ય મુસાફરો સાથે બેસીને મેટ્રો ટ્રેન સુવિધાને લગતી બાબતો અંગે ચર્ચા કરી હતી. તેમણે લોકો પાસેથી આ સુવિધાને વધારવા માટે મંતવ્યો પણ લીધાં હતાં.